GJVL050032302025

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૨/૧૨/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૨૨/૧૨/૨૦૨૫ | | |
| નિર્ણય તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૧૩ |

–::નમૂનો–અ::–

## ધરમપુરના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધરમપુર.

**ચુકાદાની તારીખ : ૦૪/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૨૮૧૬/૨૦૨૫**

| | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એઇ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી) |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૦૦૧૮૨૫૧૨૦૦/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ધરમપુર પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | નામદાર સરકારશ્રી |
| રજૂઆત | એ.પી.પી.શ્રી બી.એસ.ભોયે. |
| આરોપીપક્ષ | ૧) સંદિપભાઇ ગોવિંદભાઇ પટેલ, ઉ.વ.૪૨, રહે. વટાર ગામ, પાચીયા ફળીયા, વાપી ટાઉન પો.સ્ટે. ની હદમાં, તા. વાપી, જિ. વલસાડ. |
| રજૂઆત | વિ.વકીલશ્રી બી.બી.યાદવ |

–::નમૂનો–બ::–

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૩/૦૮/૨૦૨૫ થી ૧૪/૦૮/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૨૨/૧૨/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ |
| પુરાવાના સ્ટેજે આવ્યા તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમની તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |

## ::આરોપીની વિગત ::

| અ નુ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્ત | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાય નો સમયગાળો ફો. કા. સંહિતા નીકલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંદિપ ભાઇ ગોવિંદ ભાઇ પટેલ | ૭/૧૧ /૨૫ | – | પ્રોહી. એકટની કલમ– ૬૫(એઇ) , ૯૮(૨), | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૮૧, ૮૩, ૧૧૬(બી) | | | |

::નમૂનો ક::

## મૌખિક પુરાવા :–

**અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

| અનુ. | નામ | આંક |
|---|---|---|
| (૧) | પંચસાહેદ દિપકભાઇ શંકરભાઇ ચૌધરીની જુબાની | ૧૫ |
| (૨) | પંચસાહેદ બિપીનભાઇ રાજાબાબુ દ્રીવેદીની જુબાની | ૧૭ |
| (૩) | ફરિયાદી અનિલભાઇ વિનજીભાઇ ગામીતની જુબાની | ૧૮ |
| (૪) | સાહેદ મુકેશભાઇ વેલજીભાઇ રાઠોડની જુબાની | ૨૦ |
| (૫) | સાહેદ સતીષભાઇ તુળજીભાઇ બારાતની જુબાની | ૨૧ |
| (૬) | સાહેદ વિશાલભાઇ મહેશભાઇ વસાવાની જુબાની | ૨૨ |
| ( ૭ ) | સાહેદ રાજેશભાઇ ગણપતભાઇ વસાવાની જુબાની | ૨૪ |
| ( ૮ ) | ત.ક.અ.શ્રી દિપ્તેશકુમાર લાલસિંઘ વસાવાની જુબાની | ૩૧ |

**બ. બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ક. અદાલત દ્વારા :–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

## દસ્તાવેજી પુરાવા :–

### અ. ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–

| અનુ. | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| (૧) | ૧૬ | અંગઝડતી પંચનામું |
| (૨) | ૧૯ | ફરિયાદ |
| (૩) | ૩૨ | ડેપ્યુટ હુકમ |
| (૪) | ૩૩ | ફોર્મ–બી |

### બ. બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

### ક. અદાલત દ્વારા :–

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

### ડ. સામગ્રીની વસ્તુઓ :–

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## –:: ચુકાદો ::–

### કેસની ટુંકી હકીકત :

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની ક્રેટા કાર નંબર ડીએન ૦૯ કે ૨૦૬૭ ની કિં.રૂા.૭,૦૦,૦૦૦/– માં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ– ૨૮૪૨, કિં.રૂા.૭,૪૭,૫૩૨/– નો તથા આઇ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકનું ફાસ્ટેગ જેનો કોડ નંબર– ૬૦૮૧૧૬૦૨૪૦૧૬૪૫૩૪, કિં.રૂા.૦૦/૦૦ તથા હિન્દુસ્તાન પેટ્રોલીયમના પેટ્રોલ પંપનું બીલ નંબર– ૬૭૯૬ ઓરીજનલ તા.૧૩/૦૮/૨૦૨૫ કલાક ૧૭:૨૬:૫૯ કિં.રૂા.૦૦/૦૦ તથા કાળા કલરના કાપડ નંગ–૦૧ જેની કિં.રૂા.૦૦/૦૦ તથા ઝંપર સ્પ્રિંગ નંગ–૦૨ કિં.રૂા.૧,૦૦૦/– મળી કુલ્લે કિંમત રૂપિયા– ૧૪,૪૮,૫૩૨/– ના મત્તાનો મુદ્દામાલ રાખી મોજે. વીરવલ ગામ, તાન નદીના પુલના ઉત્તરના છેડે પાણીખડક તરફ જતા રોડ પર તા.ધરમપુર જી.વલસાડ ખાતે કલીનર– હિતેશભાઇ ઠાકોરભાઇ પટેલ નાઓની સાથે વાહતુક કરી લઇ જઇ પોલીસ નાકાબંધી દરમ્યાન પોલીસ તથા પંચોને જોઇ ઇંગ્લીશ દારૂ ભરેલ ક્રેટા કાર રીવર્સ મારી નદીના પુલના ઉપરના ડિવાઇડર સાથે અથડાવી ઉભી રાખી નાસી જઈ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી પકડાઇ જઇ અન્ય આરોપીઓ મળી આવેલ ન હોય જેથી ઉપરોક્ત આરોપીએ અન્ય આરોપી સાથે મળી એકબીજાની મદદગારી કરી પોતાના આર્થીક ફાયદા સારૂ દારૂના જથ્થાની વાહનમાં હેરફેર કરી તથા ગુજરાત રાજ્યમાં મંગાવી ગુનો કરેલ હોઇ તે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**<u>ન્યાયિક કાર્યવાહી :</u>**

(૨) હાલના કામના આરોપી વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૧૦(૧)(ખ) આધારે આરોપી વિરુદ્ધ **પ્રોહીબીશન એકટની કલમ–**

**૬૫(એઇ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી)** મુજબના ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૨૭ અન્વયે આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૩૦ માં ઠરાવેલ જોગવાઈ અનુસાર આરોપીને તેઓને બચાવ માટે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨(ઝેડ) મુજબ વોરંટ ટ્રાયેબલ ગુનો હોય આંક–**૧૩** થી તહોમતનામું ફરમાવી આંક–**૧૪** થી આરોપીનું નિવેદન નોંધતા તેઓની સામેના ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી સદરહું અધિનિયમની કલમ– ૨૭૭ મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં આરોપીનો મુખ્યત્વે બચાવ ગુન્હાના ઇન્કારનો છે. આરોપીએ બચાવના સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપવાનું પસંદ કરેલ નથી. વધુમાં, તેઓએ વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે,''અમો નિર્દોષ છીએ. અમોને ખોટી ફરિયાદ કરી ફસાવી દેવામાં આવેલા છે.''

(૪) અત્રે એ ઉલ્લેખનીય બાબત છે કે, એ.પી.પી.શ્રી અને આરોપીના વિ.વ.શ્રીની દલીલો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવેલ છે. તેમજ ફરિયાદપક્ષે કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે અને જેની ચર્ચા મુદ્દાઓ સાથે સાંકળી લીધેલ છે.

ફરિયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતાં કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

**–// મુદ્દાઓ //–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની ક્રેટા કાર નંબર ડીએન ૦૯ કે ૨૦૬૭ ની કિં.રૂા.૭,૦૦,૦૦૦/– માં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ– ૨૮૪૨, કિં.રૂા.૭,૪૭,૫૩૨/– નો તથા આઇ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકનું ફાસ્ટેગ જેનો કોડ નંબર– ૬૦૮૧૧૬૦૨૪૦૧૬૪૫૩૪, કિં.રૂા.૦૦/૦૦ તથા હિન્દુસ્તાન પેટ્રોલીયમના પેટ્રોલ પંપનું બીલ નંબર– ૬૭૯૬ ઓરીજનલ તા.૧૩/૦૮/૨૦૨૫ કલાક ૧૭:૨૬:૫૯ કિં.રૂા.૦૦/૦૦ તથા કાળા કલરના કાપડ નંગ–૦૧ જેની કિં.રૂા.૦૦/૦૦ તથા ઝંપર સ્પ્રિંગ નંગ–૦૨ કિં.રૂા.૧,૦૦૦/– મળી કુલે કિંમત રૂપિયા– ૧૪,૪૮,૫૩૨/– ના મત્તાનો મુદ્દામાલ રાખી મોજે. વીરવલ ગામ, તાન નદીના પુલના ઉત્તરના છેડે પાણીખડક તરફ જતા રોડ પર તા.ધરમપુર જી.વલસાડ ખાતે કલીનર– હિતેશભાઇ ઠાકોરભાઇ પટેલ નાઓની સાથે વાહતુક કરી લઇ જઇ પોલીસ નાકાબંધી દરમ્યાન પોલીસ તથા પંચોને જોઇ ઇંગ્લીશ દારૂ ભરેલ ક્રેટા કાર રીવર્સ મારી નદીના પુલના ઉપરના ડિવાઇડર સાથે અથડાવી ઉભી રાખી નાસી જઈ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી પકડાઇ જઇ અન્ય આરોપીઓ મળી આવેલ ન હોય જેથી ઉપરોક્ત આરોપીએ અન્ય આરોપી સાથે મળી એકબીજાની મદદગારી કરી પોતાના આર્થીક ફાયદા સારૂ દારૂના જથ્થાની વાહનમાં હેરફેર કરી તથા ગુજરાત રાજ્યમાં મંગાવી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એઇ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

| | |
|---|---|
| (૨) | શું હુકમ ? |

(૫) ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૧** | **નકારમાં** |
| **૨** | **આખરી હુકમ** |

**–:: કારણો ::–**

(૬) આ કામના વર્તમાન આરોપી વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં સકારાત્મક પુરાવાથી શંકાથી પરે સાબિત કરવાના રહે છે. આ કામે ફરિયાદપક્ષે સૌ પ્રથમ નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે;

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એઇ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી)** મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને જે ગુનાના કાયદાકીય આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો તે ક્યારે અને કેવી રીતે બને તેની ચર્ચા કરું તો તે નીચે મુજબ છે :

**પ્રોહી. એકટની કલમ–૬૫(એઇ) :**

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

"નશાકારક પદાર્થો (દારૂ) ની ગેરકાયદેસર આયાત, નિકાસ, ઉત્પાદન, વેચાણ અને કબજા સામે સજાની જોગવાઈ છે. આ કલમ હેઠળ ગુના માટે ૧૦ વર્ષ સુધીની જેલ અને ૫ લાખ રૂપિયા સુધીનો દંડ થઇ શકે છે."

**પ્રોહી. એકટની કલમ–૯૮(૨) :**

"નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ગેરકાયદેસર દારૂ/માદક દ્રવ્યોનું વહન કરવા માટે ઉપયોગમાં લેવાતું કોઇપણ વાહન (ગાડા, જહાજ, વાહન) અથવા પાત્ર કોર્ટ દ્વારા જપ્ત કરવાને પાત્ર છે. મુખ્ય પાસાઓમાં તાત્કાલિક જપ્તી અને અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી આવા વાહનોને બોન્ડ પર મુકત કરવાની અક્ષમતાનો સમાવેશ થાય છે."

**પ્રોહી. એકટની કલમ–૧૧૬(બી) :**

"સીલબંધ બોટલોમાં મળતા બ્રાન્ડેડ દારૂ માટે કોઇ રાસાયણિક વિશ્લેષણની જરૂર નથી. જો કોઇ આરોપી પાસે જાણીતી બ્રાન્ડની સીલબંધ, લેબલવાળી બોટલો (વ્હીસ્કી, બિયર) વગેરે મળી આવે તો કોર્ટ તેને ગેરકાયદેસર દારૂ માની શકે છે. જેનાથી ટ્રાયલ પ્રક્રિયા સરળ બને છે."

પ્રોહી. એકટની કલમ– ૮૧.

"કલમ–૮૧ સામાન્ય રીતે અમલીકરણ, ગુનાઓ અને કાનૂની કાર્યવાહી સંબંધિત પ્રક્રિયાગત બાબતોને સંબોધે છે. નોંધનીય છે કે, કલમ–૮૧ મુજબ પોલીસ અધિકારીઓએ એકસાઈઝ અધિકારીઓ દ્વારા પહોંચાડવામાં આવેલી જપ્ત કરેલી વસ્તુઓ અથવા ધરપકડ કરાયેલા વ્યકિતઓને સ્વીકારવા અને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવા આવશ્યક છે. તે પુરાવા સુરક્ષિત કરવા અને યોગ્ય કાનૂની કાર્યવાહી

સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરે છે."

**પ્રોહી. એકટની કલમ– ૮૩.**

"કલમ–૮૩ સામાન્ય રીતે ગુના કરવાના કાવતરા સાથે સંબંધિત છે, જેમાં જણાવાયું છે કે જો બે કે તેથી વધુ વ્યકિતઓ આ કાયદા હેઠળ ગુનો કરવા માટે સંમત થાય છે અથવા લાયસન્સ શરતોનો ભંગ કરે છે તો તેમને કેદની સજા થશે."

(૭) ઉપરોકત મુદ્દા સંબંધિત ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલાં પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની ત્રીજી આવૃતિના પાના નં.૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની ધ્વારા કરવામાં આવેલ છે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે :

> ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈપણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારિક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ એ અનઅસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે.''

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનુની જોગવાઇ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાના મૂલ્યાંકનનો ભાગ છે.

(૮) સદર કામે ફરિયાદપક્ષે આંક–૧૫ થી પંચસાહેદ દિપકભાઇ શંકરભાઇ ચૌધરી તેમજ આંક– ૧૭ થી પંચસાહેદ બિપીનભાઇ રાજાબાબુ દ્વીવેદી નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. સદરહું પંચસાહેદોને અંગઝડતીનું પંચનામું બતાવવામાં આવતા તેમાં અનુક્રમે પંચ નં.૧ અને ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે, જે પંચનામું આંક–૧૬ થી રજુ છે.

ત્યારબાદ ઉપરોકત બંને પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા અને બાદમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત સ્વીકાર રાખેલ છે કે, પોલીસે તૈયાર પંચનામા પર તેઓની સહી લીધેલી.

(૯) સદર કામે ફરિયાદપક્ષે આંક–૧૮ થી ફરિયાદી અનિલભાઇ વિનજીભાઇ ગામીતની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,''તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ અમો

તથા ફરિયાદમાં જણાવેલ પોલીસ માણસો સાથે નવસારી જીલ્લામાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મોજે ખેરગામ નજીક આવતા અમોને ખાનગી રાહે બાતમી મળેલી કે, એક સફેદ કલરની ક્રેટા કાર નં. ડીએન ૦૯ કે ૨૦૬૭ માં સેલવાસથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી ધરમપુરના કુરગામના અંદરના રસ્તાથી વિરવલગામના તાન નદીના પુલ ઉપરથી પસાર થઈ સુરત જનાર છે. ઉપરોકત માહિતી મળતા અમોએ અમારા ઉપરી અધિકારીને જાણ કરેલી અને અમારા સાહેબે પંચોને બોલાવી તેમને બાતમી અંગે સમજ કરેલી અને અમો તથા અમારી સાથેના પોલીસ સ્ટાફના માણસો તથા વ્હીકલની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા કોઈ પ્રોહી. ને લગતો મુદ્દામાલ મળી આવેલ નહી. અમો પંચો તથા પોલીસના સ્ટાફને વોચમાં રહી અને તે અંગેનું પ્રાથમિક પંચનામું કરેલું. ત્યારબાદ ત્યાં બાતમીવાળી જગ્યાએ આવી પ્રાથમિક પંચનામું કર્યા બાદ મોજે વિરવલ ગામ તાન નદીના પુલના છેડે ઉત્તર તરફ જતા રોડ ઉપર ઉપરોકત બાતમી હકીકતવાળી ક્રેટા કાર પસાર થનાર હોય જેથી છૂટાછવાયા ગોઠવાઈ ગયેલા. તે દરમ્યાન કલાક ૨૧:૩૦ વાગ્યે ઉપરોકત વર્ણનવાળી ક્રેટા કાર સદર રોડ ઉપર આવતા પોલીસના માણસોએ વડપાડા પાણી ખડક તરફ જતી ટ્રક ઉભી રખાવી રસ્તો બ્લોક કરાવતા બાતમી હકીકતવાળી ક્રેટા કાર નજીક આવતા ક્રેટા કારના ચાલકને હાથથી ઈશારો કરી ઉભી રાખવાનો પ્રયત્ન કરેલો. ક્રેટા કારને ઉભી રાખતા ક્રેટા કારના ચાલકે તેમની કાર રીવર્સ મારતા ક્રેટા કાર પુલની ઉપરના ડિવાઈડરને અથડાઈ ગયેલ અને પાછળના ડાબી બાજુનું ટાયર ફાટી જતાં પંચર થઈ જતાં ગાડીમાંથી ગાડીનો ડ્રાઈવર તથા કલીનર ઉતરી ભાગવા લાગેલ. જેઓને પાછળ પકડવા માટે દોડતા તેઓ રોડ ઉપરથી નીચે ઉતરી અંધારાનો લાભ લઈ નદી કાંઠે આવેલ મોટા ઝાડી–ઝાંખરામાં નાસી ગયેલ અને પકડાયેલ નહી. જેથી અમોએ આ ક્રેટા કારનો દરવાજો

ખોલી જોતાં કાળા કલરનું કપડું ઢાંકેલું હતું જે હટાવતા તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્ષ હતા. ઉપરોકત જણાવેલ ક્રેટા કારમાંથી એચ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકનું ફાસ્ટેગ તથા પેટ્રોલ પંપનું બીલ મળી આવેલ જે તપાસ અર્થે કબજે કરેલ અને કલીનરની શીટ ઉપરથી ઝંપર સ્પ્રીંગ નંગ– ૨ મળી આવેલ, તેમજ સદર ગાડીની કિંમત રૂા.૭,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. ઉપરોકત નંબર અને વર્ણનવાળી ગાડીમાં મુદ્દામાલ જગ્યા ઉપર ગણવો હિતાવહ ન હોય ધરમપુર પો.સ્ટે. લઈ આવેલ અને મુદ્દામાલ નીચે ઉતારી ગણી જોતાં તે અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ– ૨૮૪૨, જેની કિંમત રૂા.૭,૪૭,૫૩૨/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. પો.સ.ઈ. આર.જી. વસાવા નાઓએ પંચનામાનો વિડિયો તથા ફોટોગ્રાફી કરી ઈ–સાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કરેલી અને આ અંગેની અમોએ ફરિયાદ પો.સ.ઈ. આર.જી. વસાવા સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓની રૂબરૂ આપેલી. અમોને ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવું છું, જે ફરિયાદ આંક– ૧૯ થી રજુ છે.''

ત્યારબાદ સદર ફરિયાદીએ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્ધારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,''મારી ફરિયાદમાં આરોપીનું નામ સરનામું કે વર્ણન જણાવેલ નથી તેમજ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી. અંગેનો કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.''

(૧૦) ત્યારબાદ સદર કામે આંક–૨૦ થી સાહેદ મુકેશભાઇ વેલજીભાઇ રાઠોડ, આંક–૨૧ થી સાહેદ સતીષભાઇ તુળજીભાઇ બારાત તેમજ આંક– ૨૨ થી સાહેદ વિશાલભાઇ મહેશભાઇ વસાવા નાઓને સોગંદ

ઉપર તપાસેલા છે. ઉપરોકત તમામ સાહેદોએ આંક–૧૮ થી રજુ ફરિયાદી અનિલભાઇ ગામીત નાઓએ પોતાની જુબાનીમાં જણાવેલ હકીકતોને સમર્થન કરેલ છે.

(૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ રાજેશભાઇ ગણપતભાઇ વસાવાની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,''તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ અમો તથા ફરિયાદમાં જણાવેલ પોલીસ માણસો સાથે નવસારી જીલ્લામાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મોજે ખેરગામ નજીક આવતા અમારી સાથેના એ.એસ.આઇ. અનિલભાઇને ખાનગી રાહે બાતમી મળેલી કે, એક સફેદ કલરની ક્રેટા કાર નં. ડીએન ૦૯ કે ૨૦૬૭ માં સેલવાસથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી ધરમપુરના કુરગામના અંદરના રસ્તાથી વિરવલ ગામના તાન નદીના પુલ ઉપરથી પસાર થઈ સુરત જનાર છે. ઉપરોકત માહિતી મળતા અમોએ અમારા ઉપરી અધિકારીને જાણ કરેલી અને અમારા સાહેબે પંચોને બોલાવી તેમને બાતમી અંગે સમજ કરેલી અને અમો તથા અમારી સાથેના પોલીસ સ્ટાફના માણસો તથા વ્હીકલની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા કોઈ પ્રોહી. ને લગતો મુદ્દામાલ મળી આવેલ નહી. અમો પંચો તથા પોલીસના સ્ટાફને વોચમાં રહી અને તે અંગેનું પ્રાથમિક પંચનામું કરેલું. ત્યારબાદ ત્યાં બાતમીવાળી જગ્યાએ આવી પ્રાથમિક પંચનામું કર્યા બાદ મોજે વિરવલ ગામ તાન નદીના પુલના છેડે ઉત્તર તરફ જતા રોડ ઉપર ઉપરોકત બાતમી હકીકતવાળી ક્રેટા કાર પસાર થનાર હોય જેથી છૂટાછવાયા ગોઠવાઈ ગયેલા. તે દરમ્યાન કલાક ૨૧:૩૦ વાગ્યે ઉપરોકત વર્ણનવાળી ક્રેટા કાર સદર રોડ ઉપર આવતા પોલીસના માણસોએ વડપાડા પાણી ખડક તરફ જતી ટ્રક ઉભી રખાવી રસ્તો બ્લોક કરાવતા બાતમી હકીકતવાળી ક્રેટા કાર નજીક આવતા ક્રેટા કારના ચાલકને હાથથી ઈશારો કરી ઉભી

રાખવાનો પ્રયત્ન કરેલો. ક્રેટા કારને ઉભી રાખતા ક્રેટા કારના ચાલકે તેમની કાર રીવર્સ મારતા ક્રેટા કાર પુલની ઉપરના ડિવાઈડરને અથડાઈ ગયેલ અને પાછળના ડાબી બાજુનું ટાયર ફાટી જતાં પંચર થઈ જતાં ગાડીમાંથી ગાડીનો ડ્રાઈવર તથા કલીનર ઉતરી ભાગવા લાગેલ. જેઓને પાછળ પકડવા માટે દોડતા તેઓ રોડ ઉપરથી નીચે ઉતરી અંધારાનો લાભ લઈ નદી કાંઠે આવેલ મોટા ઝાડી–ઝાંખરામાં નાસી ગયેલ અને પકડાયેલ નહી. જેથી અમોએ આ ક્રેટા કારનો દરવાજો ખોલી જોતાં કાળા કલરનું કપડું ઢાંકેલું હતું જે હટાવતા તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્ષ હતા. ઉપરોકત જણાવેલ ક્રેટા કારમાંથી એચ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકનું ફાસ્ટેગ તથા પેટ્રોલ પંપનું બીલ મળી આવેલ જે તપાસ અર્થે કબજે કરેલ અને કલીનરની શીટ ઉપરથી ઝંપર સ્પ્રીંગ નંગ– ૨ મળી આવેલ, તેમજ સદર ગાડીની કિંમત રૂા.૭,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. ઉપરોકત નંબર અને વર્ણનવાળી ગાડીમાં મુદ્દામાલ જગ્યા ઉપર ગણવો હિતાવહ ન હોય ધરમપુર પો.સ્ટે. લઈ આવેલ અને મુદ્દામાલ નીચે ઉતારી ગણી જોતાં તે અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ– ૨૮૪૨, જેની કિંમત રૂા.૭,૪૭,૫૩૨/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. જે અંગેનું પંચનામું અમોએ કરેલું અને તે પંચનામાની વિડિયો તથા ફોટોગ્રાફી કરી ઈ– સાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કરેલી અને ઈ– સાક્ષ્ય એપ દ્વારા જનરેટ થયેલ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ– ૬૪(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ આ કામે સામેલ રાખેલ જે સર્ટીફીકેટ તેમજ વિડીયો તેમજ ફોટોગ્રાફસના હેઝવેલ્યુની વિગતવારનો પત્ર આ કામે આંક– ૨૫ થી રજુ છે. ત્યારબાદ અમારી સાથેના એ.એસ.આઈ. અનિલભાઈ વિનજીભાઈ ગામીત નાઓએ અમારી રૂબરૂ સદર ગુનાની ફરિયાદ આપતા અમોએ ફરિયાદ લઈ સદર ફરિયાદ ધરમપુર પો.સ્ટે. માં ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી કરવા તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ પત્ર લખેલ તેની સાથે

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

અમોએ ગુના અંગેનો સુચિપત્ર પણ મોકલેલ જે પત્ર તેમજ સુચિપત્રને અનુકમે આંક– ૨૬ તેમજ આંક– ૨૭ આપવામાં આવે છે.''

ઉપરોકત સાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,''અમારા રૂબરૂ જે પંચનામું કરવામાં આવેલ તેમાં આરોપીના નામ સરનામા કે વર્ણન જણાવવામાં આવેલ નથી. આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી. અંગેનો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. ગુનાવાળી જગ્યા ઉપરથી આરોપીને અટક કરવામાં આવેલ નથી.''

**(૧૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૩૧ થી ત.ક.અ.શ્રી દિપેશકુમાર લાલસિંઘ વસાવાની જુબાની નોંધાયેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,''તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ અમો પારડી પો.સ્ટે. હાજર હતા તે દરમ્યાન વલસાડ કંટ્રોલ રૂમના હુકમના આધારે પી.એસ.ઓ. રેખાબેન બોધાભાઈ, ધરમપુર પો.સ્ટે. નાઓએ લેખિત હુકમ કરેલ. સ્ટેટ મોનીટરીંગ સેલના એ.એસ.આઈ. અનિલભાઈ વીનજીભાઈ ગામીત નાઓએ પી.એસ.આઈ. આર.જી. વસાવા નાઓ રૂબરૂ આપેલ પંચનામું વંચાણે લઈ આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ. જે તપાસ ડેપ્યુટ હુકમ આંક– ૩૨ થી રજુ છે. જેમાં એક ક્રેટા કાર નં. ડીએન ૦૯ કે ૨૦૬૭ માં સેલવાસથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ભરી ધરમપુરના કુરગામના અંદરના રસ્તાથી વિરવલ ગામના તાન નદીના પુલ ઉપરથી મળી આવેલ હોય જેના વાહનના માલિક તરીકે સંદિપભાઈ પટેલ નાઓના નામ પર ગાડી હતી. જેથી આરોપીના ઘરે અવાર નવાર તપાસ કરતાં મળી આવેલ ન હોય થોડા સમય પછી એલ.સી.બી. વલસાડ દ્વારા આરોપીને પકડીને આપેલ હોય જેઓને અટક કરી રીમાન્ડની કાર્યવાહી કરેલ તથા ગાડીમાંથી મળેલ

આઈ.ડી.એફ.સી. ફાસ્ટેગ હોય જેની માહિતી મંગાવતા જે પણ આરોપી સંદિપભાઈ પટેલ નાઓના નામ જણાઈ આવેલ હતા. ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવી એફ.એસ.એલ. માંથી પૃથ્થકરણ સર્ટી આવેલ. જે ફોર્મ– બી આંક–૩૩ થી રજુ છે. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકું. આરોપી આજ રોજ નામ. કોર્ટમાં હાજર છે.''

ઉપરોકત ત.ક.અ.શ્રી એ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,'' મારી તપાસમાં વાહન માલિક તરીકે આરોપીનું નામ ખૂલવા પામેલ છે. આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી. અંગેનો કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી.''

## –: પુરાવાઓનું મૂલ્યાંકન :–

(૧૩) હાલના કામે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આંક–૧૮ થી ફરિયાદી અનિલભાઇ ગામીત, આંક–૨૦ થી સાહેદ મુકેશભાઇ રાઠોડ, આંક–૨૧ થી સાહેદ સતીષભાઇ બારાત, આંક– ૨૨ થી સાહેદ વિશાલભાઇ વસાવા તેમજ આંક–૨૪ થી સાહેદ રાજેશભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલો છે કે, તેઓના રૂબરૂ જે પંચનામું કરવામાં આવેલ તેમાં આરોપીના નામ સરનામા કે વર્ણન જણાવવામાં આવેલ નથી. વધુમાં તેઓએ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી. અંગેનો કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નહી હોવાની હકીકત પણ સ્વીકારેલ છે તેમજ ગુનાવાળી જગ્યા ઉપરથી આરોપીને અટક કરવામાં આવેલ નથી. જેથી ઉપરોકત ફરિયાદી અને સાહેદોની જુબાનીથી આરોપી વિરૂદ્ધનું

તહોમત નિ:શંકપણે સાબિત થતું નથી.

**(૧૪)** વધુમાં, આ કામે ત.ક.અ.શ્રી ને આંક–૩૧ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની ઉલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી. અંગેનો કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી. તે ઉપરાંત, આ કામે સમગ્ર પુરાવો તેમજ રેકર્ડ જોતાં પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવો લેવામાં આવેલ નથી. જેથી આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર બને. વધુમાં, આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી પંચનામાની હકીકતો માની શકાય નહી. પંચો હોસ્ટાઇલ હોઇ પંચનામાની હકીકતો સંપૂર્ણપણે સાબિત થઇ પુરવાર થતી નથી તેથી પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૫)** વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ ફરિયાદપક્ષને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશનના શીરે હોય છે. પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરિયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી

ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે,''સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી.'' આમ, ઉપરોકત કરેલ ચર્ચાના કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં **નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ – એ.આઈ.આર. – ૨૦૧૨ એસ.સી. ૭૮૬** માં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા નં. ૨૮ માં એમ ઠરાવેલ છે કે,

> "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion, however strong, can never take the place of proof. There is indeed along distance between accused 'may have committed the offence' and 'must have committed the offence which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of NarendraSingh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૬) આમ, રેકર્ડ ઉપરની હકીકત, રજુ થયેલ પુરાવા, બંને પક્ષકારો તરફે દલીલો તથા ઉપર મુજબ કરેલ ચર્ચાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નંબર- ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં મુદ્દા નંબર- ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

(૧) આ કામના આરોપી **સંદિપભાઇ ગોવિંદભાઇ પટેલ,** ઉં.વ.૪૨, રહે. વટાર ગામ, પાચીયા ફળીયા, વાપી ટાઉન પો.સ્ટે. ની હદમાં, તા. વાપી, જિ. વલસાડ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૨૭૧(૧) અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એઇ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી)** મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

(૨) આરોપીના જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે લંબાવવામાં આવે છે.

(૩) અપીલ સમય બાદ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ–૦૪, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.: ૦૪/૦૬/૨૦૨૬
સ્થળ : ધરમપુર.

**(પારુલ રાજપાલ ધનખડ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ
ધરમપુર, વલસાડ.
**જી.જે.૦૧૬૭૧**

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR